# હાશ ! કોઈકનું તો ધ્યાન ગયું !

**હરેશ ધોળકિયા**

અભિનેતા રજનીકાંત અને અક્ષયકુમારની ફિલ્મ " ૨.૦ " જોઈ ?

ઉતમ છે ? તેની તો ખબર નથી,પણ તે એક મહત્વના મુદા પર ધ્યાન ખેંચે છે. માટે અવશ્ય જોવા જેવી છે.

આમ તો તેની રજૂઆત તદન કાલ્પનિક અને અવાસ્તવિક છે. જોતાં મનમાં ઘડ ન બેસે, પણ તે બધા વચ્ચે તે જે મુદો રજૂ કરે છે તે ખરેખર ધ્યાન ખેંચે છે. તેથી જોવી ગમે છે.

વાર્તા કઈંક આવી છે. એક પક્ષી પ્રેમીને ખ્યાલ આવે છે કે જેમ જેમ મોબાઈલનો ઉપયોગ વધતો જાય છે તેમ તેમ પક્ષીઓને તકલીફ પડવા લાગે છે. મોબાઈલના રેડિએશનના પ્રભાવથી પક્ષીઓના મગજમાં ગરબડ ઊભી થાય છે અને મગજનાં કંપનોમાં વધઘટ થાય છે. તેથી તે ભ્રમિત થઈ જાય છે અને ઊડવાનો માર્ગ ભૂલી જાય છે અને કયારેક તો ઊડતાં ઊડતાં નીચે ગબડી પડે છે અને મૃત્યુ પામે છે. તેથી પક્ષીઓની સંખ્યા ઘટતી જાય છે. તેનું પરિણામ એ આવે છે કે ખેતીમાં નુકશાન વધે છે. આ કારણોસર આ સંશોધક સરકાર અને કંપનીઓ સામે ચળવળ ચલાવે છે. તે તેમને આ બાબત સમજાવે છે. પણ કોઈ તેને દાદ નથી દેતું. કંપનીઓને નફાની પડી હોય છે અને સરકારોને આ કંપનીઓ પાસેથી ચૂંટણીના પૈસા લેવા હોય છે. તેથી તેને હસી કાઢે છે. તે  પ્રધાનો પાસે જાય છે ત્યારે કાઢી મૂકે છે. તેથી તે નિરાશ થઈ જાય છે અને એક મોબાઈલના ટાવર પર ચડી આપઘાત કરે છે. પણ તેની ઊર્જા બચી જાય છે અને તે એક વિરાટ પક્ષીરાજ બને છે. તેનામાં મોબાઈલ પ્રત્યે વેર જાગે છે. તે લોકોના હાથમાંથી મોબાઈલ ઝૂંટવી લે છે. ટાવરો તોડી નાખે છે. મિલીટરીને પણ હટાવે છે. કંપનીના વડા અને મિનિસ્ટરને પણ મોબાઈલની જ મદદથી મારી નાખે છે. બધા ચિંતામાં પડે છે. છેવટે એક વિજ્ઞાની કહે છે કે તે પક્ષીરાજ નેગેટીવ ઊર્જા છે. તેને પોઝીટીવ ઊર્જાથી મારવો પડશે. આ માટે તે પોતાના રોબોટ ચિટ્ટીની મદદથી તેને મારી નાખે છે. સમગ્ર બાબત થ્રી ડીની મદદથી દેખાડાય છે. તેથી જોવાની મજા આવે છે. સમગ્ર ફિલ્મ અવાસ્તવિક છે, પણ તેનો સંદેશ ચોટદાર છે.

આ મોબાઈલનો મુદો દિન પ્રતિદિન ગંભીર બનતો જાય છે. મોબાઈલની શોધ માણસને ઉપયોગી થવા માટે થઈ છે. પણ માણસની તકલીફ એ છે કે, વિચારક કૃષ્ણમૂર્તિ કહે છે તેમ, તેના હાથમાં જે પણ આવે તેને તે બગાડી નાખે છે. તેનો ઉપયોગ કરવા બદલે તેનો તે ગુલામ થઈ જાય છે. મોબાઈલ બાબતે પણ એવું જ બન્યું છે. મોબાઈલનો ઉપયોગ જરુર પડે ત્યારે સંદેશાવ્યવહાર–કમ્યુનિકેશન– માટે કરવાનો છે. તેથી સમય બચે છે. કટોકટીમાં ઉપયોગી થાય છે. પણ તકલીફ એ થઈ છે કે માણસ તેનો ગુલામ બની ગયો છે. તેના પર જ આધારિત થઈ ગયો છે. તેના વિના તેને એક પળ પણ નથી ચાલતું. ચોવીસે કલાક તેનો ઉપયોગ તે કર્યા કરે છે. તેના પરિણામે તે શાંતિથી જમી નથી શકતો. શાંતિથી આરામ પણ નથી કરી શકતો. શાંતિથી કામ પણ નથી કરી શકતો. બસ, સતત મોબાઈલ જોયા કરે છે. કાં તો વાતો કર્યા કરે છે, અથવા ગેમ્સ રમ્યા કરે છે અથવા નેટ જોયા કરે છે. તેમાં પણ પોર્નોગ્રાફી જેવી વ્યર્થ અને જોખમી બાબતો જોયા કરે છે જે તેનાં ચારિત્ર્યને બગાડે છે. વ્યર્થ વાતો સમયની હત્યા કરે છે. આના પરિણામે ભલે વિશ્વ સાથે સંબંધો વધ્યા હશે, પણ સામે રહેલ પરિવારના સભ્યો સાથે કોઈ જ વાતો નથી થતી. ઘરમાં સામે બેઠા હોય બધા તો પણ બધા મોબાઈલથી રમ્યા કરે છે. સાથે જમવા બેસે છે તો પણ એક હાથ તો મોબાઈલ પર જ રહે છે. તેમાં પણ યુવાનો અને તરુણો તો તેના ભયંકર ગુલામ થઈ ગયા છે. એ હદે કે જો થોડી વાર પણ નેટવર્ક બંધ થઈ જાય, તો અકળાઈ જાય છે. ગુસ્સાથી બરાડી ઉઠે છે અથવા ડિપ્રેસનમાં આવી જાય છે. કયારેક તેના કારણે હિંસા પણ આચરી બેસે છે. આ બધાના કારણે તેમની સહનશકિત તદન શૂન્ય થઈ ગઈ છે. સતત તેના પર રહેવાથી તેમની બુધ્ધિશકિત અને વિચારશકિત ઓછી થતી જાય છે. મગજ શૂન્ય થતું જાય છે. એકાગતાની શકિત તદન ઓછી થતી જાય છે. વ્યકિત નિષ્ક્રિય થતી જાય છે. સમગ્ર સમાજ શૂન્યવત થતો જાય છે.

પણ તેનાં બહુ જ અવળાં પરિણામો દેખાવાં શરુ થઈ ગયાં છે. એક તો માણસ ભયંકર ગુલામ બની ગયો છે. તે તેને વશ થઈ ગયો છે. તેના આધારિત થઈ ગયો છે. સાથે વૈજ્ઞાનિક રીતે તપાસીએ તો જોવા મળે છે કે મોબાઈલનાં જે ટાવર છે તેમાંથી જે સતત રેડિએશન નીકળે છે, તે પર્યાવરણને ભયંકર નુકશાન કરે છે. આ ફિલ્મ કહે છે તેમ પશુ–પક્ષીઓને શારીરિક રીતે નુકશાન કરે છે. તેમને ભ્રમિત કરે છે. પરિણામે તેમની સ્વાભાવિક વૃતિઓને નુકશાન થાય છે અને તેઓ રોગગ્રસ્ત બને છે અથવા તો મરી જાય છે. માણસોના શરીરને પણ તે નુકશાન કરે છે. શરીરમાં રેડિએશન વધતું જાય છે જે ભવિષ્યમાં કેન્સર જેવા રોગો તરફ દોરે છે. શરીરની ઊર્જા અને રોગપ્રતિકારક શકિત ક્રમશ ઘટતાં જાય છે. ફોન સતત ખિસ્સામાં રહેવાથી હૃદય પર પણ વિપરિત અસર કરે છે. ખોળામાં રહે છે તેથી પ્રજનન શકિત પર અસર કરે છે. તેથી નજીકના ભવિષ્યમાં બાળકોની સંખ્યા ઘટતી જશે. કાનના કેન્સરની શકયતાઓ વધતી જાય છે. વિચારવાની શકિત પણ ઓછી થતી જાય છે. આ બધાને મેડિકલમાં " મોબાઈલોસીસ" રોગ કહે છે. અને મોબાઈલની સર્જનાત્મકતા પર તો ભયંકર અસર પડી રહી છે. બાળકોએ તેના કારણે હરવા ફરવા કે રમવાનું બંધ કરી દીધું છે. તેથી શરીર પણ નબળાં પડતાં જાય છે.

ભવિષ્યમાં એવી કરુણતા ઊભી થશે કે જીવનમાં એક જાતની શુષ્કતા વધતી જશે. ( આજે જ વધી ગઈ છે.) સંબંધોમાં શુષ્કતા આવી જશે. બસ, એક જ પ્રવૃતિ રહેશે –મોબાઈલ જોયા કરવો.  ફોન સ્માર્ટ હશે અને તેના માલિકો બોઘા !

" તો શું મોબાઈલનો ઉપયોગ બંધ કરવો ?"–મોબાઈલ ગુલામો ગુસ્સાથી સવાલ કરશે.

અહીં બંધ કરવાની વાત જ નથી. બધી શોધો માનવના કલ્યાણ અને આનંદ માટે શોધાય છે. મુશ્કેલી એ છે કે માણસના હાથમાં ગમે તે મૂકો, તે તેને અવશ્ય બગાડી નાખશે. આ જ માણસની તકલીફ છે. જયાં ધર્મ જેવી પવિત્ર બાબતને તે બગાડી નાખતો હોય, તો ભૌતિક શોધોની શું હેસિયત ! માણસને હેરાન કરે છે તેની આસકિત. જે પણ તેના હાથમાં આવે તેના પ્રત્યે તેની આસકિત વધી જાય છે. અને આ આસકિત તેને ગુલામ બનાવી દે છે. ઉપયોગ કરવો અને ગુલામ થવું–બે અલગ બાબત છે. ઉપયોગ કરવામાં વિવેક છે. કયારે ઉપયોગ ન કરવો તેનો વિવેકી વ્યકિતને ખ્યાલ હોય છે. સ્વસ્થ વ્યકિત ધારે ત્યારે તે બાબતથી આરામથી દૂર થઈ શકે છે. પણ ગુલામ પાસે તે ઈચ્છાશકિત હોતી નથી. તેને તો તે બાબત ચોવીસે કલાક જોઈએ છીએ. તેના વિના તે એક પળ પણ જીવી શકતી નથી. સાથે તે તેનો દુરુપયોગ પણ કરે છે. આપણે ચારે બાજુ જોઈએ છીએ કે વર્તમાનમાં અનેક માતા પિતાઓ બાળકથી મુકત રહેવા તેને ટી.વી. પાસે બેસાડી દે છે અને હાથમાં ફાસ્ટ ફૂડ ખાવાનું મૂકી દે છે. બસ, બાળક સતત ટી.વી. જોયા કરે છે અને માતા પિતા મુકત રહે છે. પણ તેનાથી બાળક બાઘું બની જાય છે અને સતત ખાવાથી મેદસ્વી બની જાય છે. માતા પિતા બનવાની ભયંકર હોંશ ધરાવનારી વ્યકિતઓમાં બાળક સાચવવાની જરા પણ આવડત નથી હોતી. પરિણામે બાળક મશીન બની જાય છે. તે જ રીતે માતા પિતાઓ બાળપણથી બાળકના હાથમાં મોબાઈલ મૂકી દે છે જેથી તેના સાથે તે રમ્યા કરે અને માતા પિતા આરામથી જીવી શકે ! એટલે જ બાળક તેનું ગુલામ બની જાય છે અને બાકીનું બધું ભૂલી જાય છે. આ ફિલ્મમાં મોબાઈલ વિષયક આટલી વિરુધ્ધ વાતો સમજાવવામાં આવતી હતી, છતાં ત્યારે પણ મોટા ભાગના પ્રેક્ષકો મોબાઈલમાં જ જોયા કરતા હતા, બોલો ! આવ્યા હતા ફિલ્મ જોવા–બસો રૂપિયા ખર્ચીને– અને અંદર તો મોબાઈલ જ જોયા કરતા હતા. આનું નામ પાકી ગુલામી.

અરે, ઓફિસોમાં કર્મચારીઓ અને તેમના સાહેબો કે શાળા કોલેજોમાં શિક્ષકો સતત મોબાઈલ જોયા કરે છે અને પોતાનું કામ પણ નથી કરતા. કયાંય બીલ ભરવા જઈએ તો કાઉન્ટર પર બેઠેલ વ્યકિત પળે પળે મોબાઈલ જોયા કરે છે અને લોકોનો સમય બગાડે છે. કોઈને મળવા જઈએ છીએ ત્યારે પણ તે વ્યકિત તો સતત મોબાઈલમાં વાતો કર્યા કરે છે. તેના પાસે જવું વ્યર્થ બની જાય છે. સાંજે મિત્રો કે દંપતિ ફરવા જાય છે ત્યારે પણ તેમાંનું એકાદ તો મોબાઈલથી વાતો જ કર્યા કરે છે. બીજી વ્યકિત ચૂપચાપ સાથે ચાલે છે. " સાથે હોવાનો" જરા પણ ભાવ નથી અનુભવતી. ભોજન વખતે પણ મોબાઈલ શાંતિથી જમવા નથી દેતો. રાત્રે સૂવા પણ નથી દેતો. બસ કે કાર ચલાવનાર પણ સતત મોબાઈલ પર નજર રાખ્યા કરે છે તેથી તેના સાથે બેનાર વ્યકિત કે પેસેન્જરોના જીવન પર જોખમ વધે છે. આ રીતે મોબાઈલે મનુષ્યોના સમગ્ર જીવન પર ઓકટોપસ જેમ એવો તો ભરડો લીધો છે કે કોઈ જ તેનાથી બચી શકતું નથી. બહુ વીરલ લોકો તેનાથી દૂર રહી શકે છે જેઓ વેદિયા મનાય છે. ચોવીસ કલાકની ગુલામી છે તેની. હચમચી જવાય છે આ દશ્યો જોઈને.

આ ફિલ્મ પૂછે છે કે શું પક્ષીરાજનો આત્મા જ બળજબરીથી મોબાઈલ ખૂંચવી લેશે તો જ માણસો માનશે ? તે માટે સતત કોઈ પક્ષીરાજોએ મર્યા કરવું પડશે ? અને વાસ્તવિક જગતમાં તો ચિટ્ટી રોબોટ બચાવવા આવશે નહીં. તો ? ફિલ્મમાં અનેક પરાક્રમો કરતો રજનીકાંત પણ વાસ્તવિક જીવનમાં તો સામાન્ય માણસ છે. તે પણ મદદરુપ નહીં બની શકે. તે કેવળ આ ફિલ્મ દ્વારા સંદેશ આપી શકે.

ગમે તેમ કરીને મનુષ્યોએ આ ગુલામી બાબતે તીવ્ર રીતે જાગૃત થવાની તાતી જરુર છે. અને ભવિષ્યમાં આવી તો અનેક શોધો આવવાની છે. શું દરેકના ગુલામ થયા કરવાનું ? પોતાની રીતે, સ્વતંત્ર રીતે જીવવાનું જ નહીં ? વ્યકિતગત અને અંગત જીવન જ નહીં ? શું સતત બીજાના " લાઈક"ના આધારે જ પોતાનું વ્યકિતત્વ માપવાનું ? શું વોટસ અપમાં આવતી માહિતીને સાચી માની હિંસા કે હુલ્લડ કરવાનાં ? જાતે ન વિચારવાનું ?

બહુ ભયાનક સમસ્યા બની ગઈ છે આ–ટેકનોલોજીની ગુલામીની. યુધ્ધ કે કુદરતી આફતો કરતાં વધારે નુકશાન કરશે તે. કરે જ છે તે. સરકારો કશું નહીં કરે. કેવળને કેવળ સમાજનાં માતા પિતા અને વિચારકો જ કશુંક કરી શકે.

કરશે ? અત્યારે તો શકયતા નથી દેખાતી !

❑❑